# પત્રકારો સાથે સીધો સંવાદ યોજી જિલ્લાના પ્રાણ-પ્રશ્નોથી વાકેફ થતા જિગ્નેશ મેવાણી

## પાલનપુરની લડબી નદીના મુદ્દે સંકલન સમિતિની બેઠકમાં અવાજ ઉઠાવાશે

સરહદી બનાસકાંઠા જીલ્લાના વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ નવતર અભિગમ દાખવ્યો હતો. તેઓએ પત્રકારો સાથે સીધો સંવાદ યોજી વડગામ સહિત જિલ્લાના પ્રાણપ્રશ્નોથી વાકેફ થઈ આ પ્રશ્નોના નિકાલ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

પાલનપુર ખાતે ગુરૂવારે વડગામ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં વડગામ અને પાલનપુરના પત્રકારોએ વિવિધ પ્રશ્નોથી તેમને અવગત કર્યા હતા. આ અંગે પાલનપુરમાંથી ગાયબ થઈ ગયેલી લડબી નદી અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ધારાસભ્યએ



જણાવ્યું હતુ કે, લડબી નદીના વહેણ તેમજ તેના પટમાં થયેલા દબાણો અંગે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ અને જિલ્લા કલેકટર સંદિપ સાગલેએ તપાસના આદેશ આપ્યા છે. ત્યારે તપાસ કઈ દિશામાં થઈ રહી છે. કેટલે પહોંચી તે અંગે જિલ્લાની સંકલન સમિતિમાં અવાજ ઉઠાવવામાં આવશે. તેમણે શિક્ષણના ખાનગીકરણ અને ઉંચી ફીના મુદ્દે જો વાલીઓ અને પ્રજાજનો સાથ આપે તો જન આંદોલન શરૂ કરવાની પણ તૈયારી બતાવી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં પાલનપુરમાં એરોમા સર્કલ ફરતે ટ્રાફિકની સમસ્યા ખાળવા માટે બાયપાસ માર્ગની માંગણી કરવાનું પણ ધારાસભ્યએ જણાવ્યું હતુ.

આ ઉપરાંત પાલનપુરમાંથી ગંદા પાણીનો નિકાલ માટે ભૂર્ગભ ગટર યોજનાનું ગંદુ પાણી માનસરોવર તળાવમાં ઠાલવવા, એકલવ્ય મોડલ સ્કુલના શિક્ષકોનો પ્રશ્ન, સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ, ઓક્ષીડેશન પોન્ડમાં વિના મંજુરીએ બની રહેલા રાજીવ ગાંધી આવાસ યોજના, જિલ્લામાં પડતર જમીનનો મુદ્દો, કરમાવદ તળાવમાં પાણી ભરવા સહિતના પ્રશ્ન અંગે અવગત થઈ આ પ્રશ્નો સરકારના ધ્યાને મુકવા માટેની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

## કર્ણાટકમાં બહુમત માટે ભાજપ નાણાંની કોથળી ખુલ્લી મુકશે

કર્ણાટકના પરિણામો બાદની ઉભી થયેલ રાજકીય પ્રવાહી પરિસ્થિતિ બાદ ભાજપને ગવર્નર વજુભાઈ વાળાએ ભાજપને સરકાર બનાવવાની મોટા પક્ષ તરીકે પ્રથમ તક આપી હતી. જોકે નિયત મુદતમાં ભાજપ વિધાનસભામાં પોતાની બહુમતી સામ, દામ દંડ ભેદ નીતિએ કરશે તેવી ભવિષ્યવાણી ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ કરી છે. એટલુજ નહિ પીએમ મોદી પર પણ નિશાન તાકતા તેમણે જણાવ્યું હતું કે કરોડો -અબજો રૂપિયા બહુમત માટે ભાજપ પાણી ની જેમ રેલાવશે પણ તેમ છતાં ૨૦૧૯ ની લોકસભા ચુંટણી માં ભાજપ ની કારમી હાર થશે તેવો પણ તેમને દાવો કર્યો હતો. તેમને ભાજપની હવે ઉલ્ટી ગિનતી શરૂ થઇ જશે. જેની શરૂઆત રાજસ્થાનથી થશે તેવો દાવો તેઓએ કર્યો હતો.

## વિપક્ષના ભેદી મૌન વચ્ચે અપક્ષની સક્રિયતા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં નબળી નેતાગીરીના પાપે જિલ્લા વાસીઓ આજે પણ નોંધારા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. પ્રજાના પ્રતિનિધિઓ પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં સરેઆમ નિષ્ફળ રહ્યા છે. શિસ્તના ખીલે બંધાયેલા શાસક પક્ષના ધારાસભ્યો તો ઠીક પણ વિપક્ષ કૉંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યો પણ મૂકપ્રેક્ષક બની અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવવામાં નિષ્ફળ નીવડ્યા છે. જિલ્લા કૉંગ્રેસ સહિત કૉંગ્રેસી ધારાસભ્યો ના ભેદી મૌન વચ્ચે વડગામના અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની સક્રિયતા જોતા પ્રજાજનો પણ હવે તેમને લોક નાયક માનતી થઈ જાય તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

# મોડાસાની અનેક ખાનગી શાળાઓમાં શિક્ષણ બોર્ડના આદેશનું સરેઆમ ઉલ્લંઘન

## શાળાઓમાં નિયમોની ઐસીતૈસી : ઉનાળુ વેકેશનમાં ધો.૧૦ અને ધો.૧૨ના વર્ગો શરૂ : ટ્યુશન મળી રહે એટલે શિક્ષકોનો પેતરો : માંડ ૧૦ થી ૧૫ દિવસની વિદ્યાર્થીઓને રજા અપાઈ છે છતાં સ્થાનિક શિક્ષણતંત્ર ચૂપ

મોડાસા, તા. ૧૮

મોડાસા સહીત અરવલ્લી જિલ્લાની ખાનગી શાળાઓ અને સરકારી ગ્રાન્ટના નિભાવ કરતી કરતી શાળાઓમાં સરકારી આદેશ, નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતા હોવાની ફરિયાદ, રાવ સમયાંતરે સાંભળવા મળે છે જે અંતર્ગત હાલમાં ઉનાળુ વેકેશન ચાલી રહ્યું હોવા છતાં શિક્ષણકાર્ય ચાલુ રાખીને ફરી એકવાર નિયમોની ઐસીતૈસી થઈ હોવાનું બહાર આવ્યું છે. મોડાસા શહેર સહીત જીલ્લાની અનેક ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષણ બોર્ડે આપેલી ગાઈડલાઈન અને આદેશોનું સરેઆમ ઉલ્લંઘન કરાયું છે. વિદ્યાર્થીઓને માંડ ૧૦-૧૫ દિવસની રજા આપવા સાથે વેકેશનના દિવસોમાં ધોરણ-૧૦ અને ૧૨ના વર્ગો શરુ કરી દેવામાં આવ્યા છે. વર્ગો શરુ કરવાનું કારણ શાળાઓના શિક્ષકોને ટ્યૂશન મળી રહે અને વિદ્યાર્થી અન્ય શિક્ષક કે ટ્યૂશન



કલાસીસમાં ન જઈ શકે હોવાનું ચર્ચાઈ રહ્યું છે. શાળા સંચાલકો અને શિક્ષકોની આ આડોડાઈ છતાં સ્થાનિક શિક્ષણતંત્રએ ચુપકીદી સેવી લીધી હોય અનેક પ્રશ્નો સર્જાયા છે.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ શાળાઓમાં શિક્ષણકાર્યને લઈને શિડ્યુલ જાહેર કર્યું છે. શૈક્ષણિક કેલેન્ડર પ્રમાણે જ શાળામાં શિક્ષણકાર્ય ચાલવાની સાથે પરીક્ષાઓ વિવિધ પ્રવૃતિઓને આવરી લેવાઈ છે તેમજ ઉનાળુ વેકેશન, જાહેર રજા સહિતના દિવસોમાં શિક્ષણકાર્ય ન ચલાવવાનો પણ આદેશ કરાયો છે શિક્ષણવિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર જો શાળાઓમાં વેકેશનના દિવસોમાં શિક્ષણકાર્ય ચલાવાય તો આકરા પગલાં લેવાની પણ ચીમકી આપવામાં આવી છે જોકે બોર્ડના આદેશને ઘોરીને પી જતા મોડાસા શહેરની અનેક શાળાઓએ હાલમાં ઉનાળુ વેકેશનના દિવસોમાં બિન્ધાસ્ત અને બેરોકટોકપણે વર્ગો ચાલવામાં આવ્યા હતા અને ચાલી પણ રહ્યા છે અને વેકેશનના ટાઈમ ટેબલનું ઉલ્લઘન કરવામાં આવી રહ્યું છે.

અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાનું અને પગારબીલથી લઈને ગ્રાન્ટ મંજુર કરાવવા અને અન્ય સરકારી કામકાજ કરવામાં માટે કર્મચારીઓ અને અધિકારીઓના ટેબલ પરથી કાગળ હલાવવા ભારે વજન મુકવો પડતો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## લક્ષ્મીપુરા પાસે કારની ટક્કરથી ત્રણ ગંભીર

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મામાં તાલુકાના લક્ષ્મીપુરા ગામ પાસે એક કાર ચાલકે બાઈકને ટક્કર મારતા પતિ પત્ની અને પુત્રી ઘાયલ થયા હતા.

ખેડબ્રહ્મા તાલુકાના વાઘેશ્વરી ગામના મગનભાઈ પરમાર પોતાની બાઈક ન. જી.જે.૯.એએમ.૨૫૦૩ લઈ ખેડબ્રહ્મા તરફથી વાઘેશ્વરી તરફ પોતાની પત્ની સુમબેન અને પુત્રી નિષાબેન સાથે જઈ રહ્યા હતા ત્યારે વિજયનગર તરફથી આવતી ઈન્ડિકા કારની. જી.જે.૧. ડી.એક્સ.૫૩૨૮ના ચાલકે કાર પુરઝડપે, બેદરકારીથી ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા ત્રણેય પડી જતા ઈજાઓ પહોંચી હતી જેમને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા જ્યાં ત્રણેયને ઈજાઓ વધુ હોઈ સરકાર અર્થે હિંમતનગર રીફર કરવામાં આવ્યા હતા. જે અંગે મગનભાઈના ભાઈ પાબુભાઈ પરમારે કાર ચાલક જીતેન્દ્રસિંહ શેરસિંહ કુશવાહ રહે. બાપુનગર, અમદાવાદ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવી હતી.

## મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ અભિયાન જળ એ જીવનના ધ્યેય સાથે વેગવંતુ બન્યું

મહેસાણા, તા. ૧૮

જળ એ જીવનના ધ્યેય સાથે મહેસાણા જિલ્લો સુજલામ સુફલામ અભિયાન તળે આગળ વધી રહ્યો છે. મહેસાણા જિલ્લામાં જળસંચયના ૩૪૩ કામોમાં ૧૪૦ જે.સી.બી, ૩૨૩ ટ્રેકટર, ૨૩ સંસ્થાઓ અને ૧૮૫૧ શ્રમિકો ઈન્ફા, જય ઉમા કનસ્ટ્રકશનથી જળસંચયના કામો થઈ રહ્યા છે. જિલ્લામાં ઓ.એન.જી.સી, એ.પી.એમ.સી વિસનગર, એલ.એન.ટી કંપની, નવદીપ કલ્યાણ સેવા ટ્રસ્ટ, રત્નમણી કંપની જેવી સંસ્થાઓએ મળી ૧૦૦ જેટલા ગામો દત્તક લીધા છે. વનવિભાગ દ્વારા વન તલાવડીઓ અને ચેકડેમ ડિસલ્ટીંગના ૨૩ કામો પુર્ણ કરાયા છે. જિલ્લાની સાત નગરપાલિકાઓમાં તળાવ, નહેરો, નદીઓની, પાણીના સ્ત્રોત સહિત વરસાદી પાણીના લાઇનની સફાઇના ૪૩ કામો પ્રગતિમાં છે.



જોતરાયા છે. લોકભાગીદારીના ૧૧૨ કામોમાં જનભાગીદારી નોંધાઈ છે.

એપીએમસી બજારો, ઓ.એન.જી.સી, વનફાઉન્ડેશન, ગ્રામપંચાયતો, કરૂણાસેતુ અને આર્યા ટ્રસ્ટ, સ્ટીલ સ્ટ્રીપ, મેકન, નવદિપ લોક કલ્યાણ ટ્રસ્ટ, રવિ

જિલ્લામાં મનરેગા અને જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા ૧૬૫ જેટલા જળસંચયના કામો થવાના છે જેમાંથી ૨૦૧૭ મજુરો દ્વારા ૧,૪૯,૩૩૦ માનવદિન રોજગારી ઉત્પન થનાર છે. મનરેગા યોજના હેઠળ જિલ્લામાં ૩,૨૫,૯૯,૬૪૫નો ખર્ચ થનાર

વનવિભાગ દ્વારા વન તલાવડીઓ અને ચેકડેમ ડિસલ્ટીંગના ૨૩ કામો પુર્ણ કરાયા છે.

જિલ્લાની સાત નગરપાલિકાઓમાં તળાવ, નહેરો, નદીઓની, પાણીના સ્ત્રોત સહિત વરસાદી પાણીના લાઇનની સફાઇના ૪૩ કામો પ્રગતિમાં છે.

## જીએસઆરટીસીના કર્મચારીઓ લાંચના છટકામાં ઝડપાયા

મહેસાણા, તા. ૧૮

જી.એસ.આર.ટી.સીના મહેસાણાના મદદનીશ સુરક્ષા નિયામક તથા ગેટ કીપર રૂ.૨૫૦૦ની લાંચ લેતા એ.સી.બીના છટકામાં ૦૨ મે ૨૦૧૮ના રોજ ઝડપાયા હતા. જેથી આરોપીઓ મનીષકુમાર અરૂણકુમાર વૈધ અને રાજેશકુમાર બારોટ વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ ૭, ૧૨, ૧૩(૧)(ઘ) થતા ૧૩(૨) મુજબની જોગવાઈઓ હેઠળ મહેસાણા એ.સી.બી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરેલ છે. આરોપીઓ અટકાયત ૨ મે ૨૦૧૮ને રાત્રે ૨૧ કલાકે કરવામાં આવી છે. આ અંગેની વધુ તપાસ શ્રીમતી કે.આર. ડાભી ગાંધીનગર એ.સી.બી પોલીસ સ્ટેશન ગાંધીનગરે હાથ ધરેલ છે.

## મહેસાણામાં બહેરામુંગા બાળકોને વિનામૂલ્યે પ્રવેશ અપાશે

મહેસાણા, તા. ૧૮

શ્રીમતી કે.કી બહેરામુંગા સરકારી વિધાલય તેમજ ચિલ્ડ્રનહોમ પિલાજીગંજ મહેસાણા ખાતે ૧૧ જુન ૨૦૧૮થી નવીન સત્ર શરૂ થયેલ છે. શાળામાં બાળવર્ગથી ધોરણ ૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ કાર્ય ચાલે છે. જેમાં શિક્ષણકામ, સુથારીકામ અને ચિત્રકામ જેવા ઉધોગોની તાલીમ નિશુલ્ક અપાય છે. પ્રવેશ માટેની ઉંમર ૬ થી ૧૦ વર્ષની વયમર્યાદા ધરવાતા બહેરામુંગા બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. સંસ્થામાં રહેવા-જમવા તથા શિક્ષણકાર્ય વિનામુલ્યે અપાય છે. પ્રવેશ મેળવવા માટે સંસ્થાનો ફોન નંબર ૦૨૭૬૨-૨૨૦૪૯૬ ઉપર સંપર્ક કરી શકાશે તેમ આચાર્ય કે.કી. બહેરામુંગા વિધાલયની અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાલનપુરમાં રેલવે ટ્રેનમાંથી પટકાતા ઈજા

પાલનપુર ખાતે રેલવે ટ્રેનમાંથી પડી જતા મહારાષ્ટ્રના મુસાફરને ઈજા થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.

પ્રશાંતભાઈ શ્રીકાંતભાઈ ફસી નામનો ૩૫ વર્ષીય યુવાન મહારાષ્ટ્રના કડેગાવ, સાંગલીમાં રહે છે. જે રેલવે મુસાફરી દરમિયાન પડી જતા તેને ઈજા થતા બિનવારસી હાલતમાં સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# કાંકરેજના ચાંગા ગામે તળાવ ઊંડું કરવાનું કામ બંધ થતાં રોષની લાગણી

## ગામના જાગૃત નાગરિક અને ઉત્સાહી કાર્યકર હરદાસભાઈ પટેલે આ બાબત ખેડૂતોની હસી ઉડાવી હોય એવી ગણાવી

સુજલામ સુફલામ યોજના અંતર્ગત ચાંગા ગામના કુલ ચાર તળાવો આવેલ જે નર્મદાના



પાણીથી ભરી ખેડૂતો ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરે છે. ત્યારે પાણી પુરવઠા મંત્રીના હાથે તળાવનું ખાત મૂરત કરી ખેડૂતોની ખુશીઓ ઉપર પાણી ફેરવ્યા. તંત્રના અધિકારીઓ દ્વારા જુદા જુદા એન.જી.ઓ.ને તળાવ ખોદકામના કામો આપી કાગળ ઉપર કામ થતાં હોવાના આક્ષેપો લોકો કરી રહ્યા છે. ત્યારે ચાંગા ગામ લોકો રોષે ભરાયા હતા અને મીડિયા સમક્ષ રજૂઆત કરી ન્યાય માટે માગણી કરી હતી ત્યારે તંત્રના ગામના ખેડૂતોને તંત્રના લગતા વળગતા અધિકારીઓ ન્યાય અપાવે એ જરૂરી છે.

કોન્ટ્રાકટર પોતાની મરજી માફક કામ કરી રફુચક્કર થઈ ગયો માંડ વીસથી ચાલીસ ફૂટ જેટલું ખોદકામ કરી બંધ કરતા અધિકારીઓ આવા કોન્ટ્રાકટર વિરુધ્ધ પગલાં ભરી કોઈ અન્ય કોન્ટ્રાકટરને કામ આપી રાબેતા મુજબના કામ કરાવે એવી માંગો કરી છે હવે જોવું એ રહ્યું કે તંત્રના અધિકારીઓ ચાંગા ગામનું તળાવ ખોદકામ ચાલુ કરાવશે ખરા ?

# પાલનપુરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનું વધુ એક દરોડાનું નાટક

## ગત વર્ષે જે વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા હતા ત્યાં જ દરોડા પડાયા, કોઇ વેપારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કેમ નહિ ?

પાલનપુરમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા શહેરમાં આવેલા કેરીના ગોડાઉનોમાં



દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યા કેમિકલથી કેરી પકવતા વેપારીઓ સામે કાર્યવાહી કરવાનું નાટક ભજવતા તંત્રની કાર્યવાહી સામે અનેક તર્ક-વિર્તકો ઉઠવા પામ્યા છે.

પાલનપુરમાં શહેરમાં મોટાભાગના કેરીના વેપારીઓ રાસાયણિક પ્રક્રિયાથી કેરીઓ પકવી નગરજનોના શરીરમાં ઝેર ભેળવી રહ્યા છે. કેરીઓ ઉપર રસાયણના ફુવારા છાંટવાની આ પ્રક્રિયા દર વર્ષે કેરીની સીજનમાં થાય છે. શહેરીજનો પણ આ સઘળી બાબત જાણતા હોવા છતાં હોશેહોશે કેરીઓ અને રસ આરોગે છે. તેવી જ રીતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પણ વેપારીઓ સામે નક્કર કામગીરી કરવાના બદલે દર વર્ષે દરોડા રૂપી નાટક ભજવવામાં આવે છે. તેવું જ નાટક શુક્રવારે પાલનપુરમાં ભજવવામાં આવ્યું હતુ.

જ્યાં કેરીના વેપારીઓ સામે નામ માત્રની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, કેરીના આજ વેપારીઓના ગોડાઉનમાં ગતવર્ષે પણ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાંથી કેરીના સેમ્પલ પણ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તેનો રિપોર્ટ શુ આવ્યો ? સાચે જ કેમિકલથી કેરીઓ પકવવામાં આવી હોય તો જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનારા જવાબદાર વેપારીઓને સજા કેમ ન થઈ ? કે પછી દરોડાનું નાટક કરી વેપારીઓ પાસેથી નાણાં લઈ તપાસની ગોદડી ગોટે વાળી દેવામાં આવી ? તેના અનેક પ્રશ્નો ચર્ચાની એરણે ચડ્યા છે.



## ડીસા તાલુકાના વિઠોદર નજીકથી દારૂ ભરેલી ઇકો ગાડી સાથે ઝેરડાના બે શખ્સો ઝડપાયા

બનાસકાંઠાના બુટલેગરોની ઊંઘ હરામ કરી રહેલી એલસીબી પોલીસે ડીસા તાલુકા પોલીસ મથકના હદ વિસ્તારમાંથી ફરી વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો છે. જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની સૂચનાથી એલસીબી પોલીસના ઇન્ચાર્જ પી.આઈ. જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ એલસીબીના પ્રોબેશન પી.એસ.આઈ. એમ.આર. મોહનીઆ એલ.સી.બી.ની સાથે ડીસા તાલુકા પોલીસની હદમાં આવતા વિસ્તારમાં પેટ્રોલીગમાં નીકળ્યા હતા. એ દરમ્યાન બાતમીના આધારે વિઠોદર ચોકડી પાસે નાકાબંધી કરી બાતમીવાળી ઈકો ગાડીને આંતરી તલાશી લેતા તેમાંથી ૧૭૯૦૦ રૂપિયાની કિંમતનો ૧૩૧ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ ઓપરેશન દરમ્યાન એલસીબી પોલીસે દારૂ ભરેલી ગાડી સાથે ઝેરડા ગામના વાલસિંહ શંકરસિંહ વાઘેલા અને પ્રફુલસિંહ મફસિંહ વાઘેલાને ઝડપી લીધા હતા. જોકે ગાડીનો ચાલક ભાગી છૂટતા એલસીબી પોલીસે કુલ ૨,૧૭,૯૦૦ જપ્ત કરી પકડાઈ ગયેલા બન્ને આરોપીઓને ડીસા તાલુકા પોલીસના હવાલે કરતા તાલુકા પોલીસે ધોરણસરનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વાઘજીપુરમાં તળાવ ઉંડા કરવાના કાર્યનો આરંભ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, સુજલામ સુફલામ જળસંચય અભિયાન ગુજરાતને પાણીદાર બનાવવાનું અભિયાન છે. આ જળસંચય અભિયાનથી ધરતી માતાની તૃષા સંતોષાશે અને જળસ્તર ઊંચા આવશે તેના થકી ગુજરાત પાણીદાર બનવા સાથે હરિયાળું બનશે અને જળક્રાંતિથી સોળેકળાએ વિકાસ ખિલશે. મુખ્યમંત્રીએ આજે પંચમહાલ જિલ્લાના તાલુકાના વાઘજીપુરા ગામે શ્રમદાતાઓ સાથે શ્રમદાન કરી તળાવ ઊંડુ કરવાના કામો પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રીના હસ્તે પ્રતિકાત્મક સાડી તેમજ શ્રમદાતાઓને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ પંચમહાલ જિલ્લામાં અંદાજે ૫૦ કરોડના વિવિધ ૧૨ વિકાસ પ્રકલ્પોનું ઈ-તકતી દ્વારા લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું.

## યાત્રાધામ અંબાજીમા મહારાણા પ્રતાપ જન્મ જયંતી નિમિતે સમુહ લગ્નોત્સવ યોજાયો

અંબાજી, તા. ૧૮

ગુજરાતના લોકપ્રિય શક્તિપીઠ અંબાજી ગુજરાત અને ભારત દેશનુ માતાજીનુ સ્થાનક ગણાય છે આ ધામ ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલુ છે અને અરાવલી પહાડોમા આવેલુ છે આજે હિંદવા સુરજ મહારાણા પ્રતાપ જન્મજયંતી હોઈ આ પર્વના દિવસે સમસ્ત હિન્દુ આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજ સુધારણા સમિતિ દ્વારા આયોજીત તૃતીય સમુહ લગ્નોત્સવનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ૫૧ જોડાના લગ્ન કરવામા આવ્યા



હતા. જેમા દાતાઓ દ્વારા દાનની સરવાણી પણ કરવામા આવી હતી. આ પર્વને સુશોભિત કરવા માટે અલગ અલગ સ્ટેટના રાજવી પણ હાજર રહ્યા હતા.

આજે અંબાજી જીએમડીસી ખાતે ૫૧ જોડાના સમુહ લગ્નનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા રાજસ્થાન અને ગુજરાતના આદિવાસી પરીવારો હાજર રહ્યા હતા. સવારે શોભાયાત્રાનુ આયોજન પણ કરવામા આવ્યુ હતુ ત્યારબાદ બ્રાહ્મણ દ્વારા તમામ ૫૧ જોડાઓને હિન્દુ વિધિવિધાનથી લગ્ન કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તમામ જોડાઓને રસોડા સેટ અને બીજી ઘર ઉપયોગી વસ્તુઓ આપવામાં આવી હતી.